૩૬૮૧

# શ્રી નાંથજી.

## (શ્રી કાંકરૌળીના છપ્પન ભોગની લીલા લીખ્યતે.)

## (ધોળ ૧ લું.)

(રાગ–રાસનાં ગરબાનો.)

બલીહારી શ્રી બાલ ક્રષ્ણલાલ ॥ જગત જસ નોંબત વાગી ॥
છપ્પનભોગનાં કાજ ॥ કીધારે પ્રભુ આજ્ઞારે માંગી ॥ ટેક ॥

**॥ સાખીં ૧ ॥**

શ્રી ગુરૂચરંણ કંમળ તણું ॥ ધ્યાન ધરૂ ઉરમાંય ॥
મન વચ કર્મ બુદ્ધી તંણા ॥ સઉ દોસ ક્રોસ મુંજ જાય ॥
જગત જસ નોબત વાગી ॥ બલીહારી શ્રી ॥

**॥ સાખી ૨ ॥**

શ્રી વલ્લભ વીઠલ પ્રભુ ॥ સાત સ્વરૂપનીંજ સાથ ॥
હેમના ચરંણ પ્રતાપથી ॥ કાંઇ વરણુ લીલારે શ્રી નાંથ ॥
જગત જસ નોબત વાગી ॥ બલી ॥

**॥ સાખી ૩ ॥**

શ્રી બાલક્રષ્ણજીની ગાદીયે ॥ આપોઆપ માંહારાજ ॥
ક્રાંકરોળી નીંજ ધાંમમાં ॥ દ્વારીકાનાંથ રાજે સીર તાજ ॥
જગત જસ નોબત વાગી ॥ બલી ॥

## ॥ સાખી ૪ ॥

બાલકૃષ્ણજી બાલુડા ॥ મુળ સ્વરૂપ માંહારાજ ॥
તે પોતે તમે પ્રગટીયા ॥ દૈવીજીવ તણા હીત કાજ ॥
જગત જસ નોબત વાગી ॥ બલી ॥

## ॥ સાખી ૫ ॥

પરીવાર પુરષોતમ તણા ॥ છો ગીરધરજીને અંક ॥
બીરાજ્યા બાલક વચે ॥ કરો રાજ રૂડારે નીસંક ॥
જગત જસ નોબત વાગી ॥ બલી ॥

## ॥ સાખી ૬ ॥

શ્રી દ્વારીકાનાંથ પ્રભુજીને ॥ છપ્પનભોગ પ્રકાર ॥
સાંમગ્રી વીવીધ તંણી ॥ ધરી કરાવી અંગીકાર ॥
જગત જસ નોબત વાગી ॥ બલી ॥

## ॥ સાખી ૭ ॥

શ્રી ગીરધરજીના ભાવનો ॥ હતો મનોરથ જેહ ॥
તે પુરણ કરવા પ્રેમથી ॥ છપ્પનભોગ ભરયો છે ચેહ ॥
જગત જસ નોબત વાગી ॥

## ॥ સાખી ૮ ॥

વીક્રમ સક ઓગણીસસો ॥ બેહેતાલીસને સાલ ॥
ભાદરવા સુભ માસમાં ॥ કરયો આરંભ આણીને વ્હાલ ॥
જગત જસ નોબંત વાગી ॥

## ॥ સાખી ૯ ॥

લખ્યા પત્રા શાઊ દેશમાં ॥ તેડાવ્યા માંહારાજ ॥
વલ્લભ કુળ પધરાવીયા ॥ વળી આવ્યા સેવક કરવા કાજ ॥
જગત જશ નોબત વાગી ॥

## ॥ સાખી ૧૦ ॥

નંદાનંદન શ્રી કૃષ્ણજી ॥ નાંમ સ્વરૂપ તે જાંણ ॥
મોટાં મનોરથ માંડીયા ॥ કવી થાકે કરતારે વખાંણ ॥
જગત જશ નોબત વાગી ॥

## ॥ સાખી ૧૧ ॥

વલ્લભ કુળ પધારીયા ॥ વરણું નાંમ વીખ્યાત ॥
શોભા મુંખથા શું કહુ ॥ થશે લીલા રૂડીરે ભલી ભાત ॥
જગત જશ નોબત વાગી ॥

(સંપુર્ણ.)

## ધોળ ॥ ૨ જુ ॥

(રાગ-બરાંણપુરી.)

આ ભરતખંડ માંહાય ॥ દેશ મેવાડ કેહેવાય ॥
દ્વારીકાં નગરી છે સુભ ત્યાંય ॥ રાય સાગર તીરે ॥ ૧

કાંકરોલી મોટું ધાંમ ॥ દ્વારીકાંનાથ બીરાજે સ્વાંમ ॥
થાયે માહામો ઓછવ કાંમ ॥ છપ્પનભોગ તણા ॥ ૨
આવ્યા વલ્લભ કુળ માહારાજ ॥ એ છે સેવકનાં શીરતાજ ॥
હેમનાં નાંમ કહુ છઊ આજ ॥ સુંણો સ્નેંહ ધરી ॥ ૩

મધુપુરીથી સઉ આવ્યા ॥ પુરષોત્તંમજી મંન ભાવ્યા ॥
સાથે કલ્યાંણ રાયજી લાવ્યા ॥ મન હર્ખ ધરી ॥ ૪

## શાખી. ૧

હરખ ધરીને આવીયા ॥ વ્રજનાંથ લાલ રસાલ ॥
ગુણાનીધી ગોપાળ લાલ છે ॥ સંગેસાહીયે પ્રીજપાળ લાલ ॥

### ચાલ.

સંગેસોહીયેરે સંગેસોઇયે ॥ અંની હાંરે સંગે સોહીયે ॥
સંગે સોહીયે એ બહુ પ્યારા ॥ મંદ સુદન લોચંન તારા ॥
ગીરધરલાલજી છે ન્યાંરાં ॥ ગુણ સાગર ભરયા ॥ ૧
ગોપાળ લાલજી છે લ્હેરી ॥ સેવા મંથુરેસ કેરી ॥
મોંટા આભુસંણા પેહેરી ॥ બીરાજ્યા સઉ સાથ ॥ ૨
કાસી ક્ષેત્રનાં સુખ સાર ॥ જીવંણ લાલ જીવન હાર ॥
જેહેની સોભાનો નહીં પાર ॥ આવ્યા કરવા કાજ ॥ ૩
ગોકુલેસ પ્રભુ છો રસીયા ॥ એ તો જુનાંગડમાં વસીયા ॥
નીરખે મંનથી નંથી ખસીયા ॥ હેવા છો રસીયા ॥ ૪

## સાખી. ૨

રસીયા પ્રભુ જાહાં આવીયા ॥ પ્રસન્ન થઇ મન માંય ॥
શ્રી હરીને રીઝાવવા ॥ ત્યાં સોભા અધીકી થાય ॥

### ચાલ.

થાય સોભા રે સોભા ॥ અની હારે થાય સોભા ॥
થાય સોભા રૂડી પેર ॥ જાણે રસ સીંધુની લ્હેર ॥

બીજા સ્વરૂપ આણંદ ભેર ॥ આવ્યા પ્રેમ ધરી ॥ ૧.
શ્રીજી દવારનાં સુંદર શ્વાંમ ॥ ગોરધનલાલ પુરણ કાંમ ॥
હેમને સંભરો વાસર જાંમ ॥ એ છે જીવન પ્રાંણ ॥ ૨.
આવ્યા કાકાજી માંહારાજ ॥ એ છે સઉનાં સીરતાજ ॥
કરવા સાંમગ્રીના સાજ ॥ મોટા છે અધીકાર ॥ ૩.
વલ્લભ કુલનાં બાળક બાર ॥ સાથે વહુ બેટી નીંરધાર ॥
પેહેરીઆ ભુષણ શણગાર ॥ આવ્યા શોભારે ભરયા ॥ ૪.

## ॥ સાખી ૩ ॥

સોભા ભરયા પધારીયા ॥ શ્રી વલ્લભનો પરીવાર ॥
શ્રી દવારીકાનાંથ લડાવવા ॥ સઉ આવ્યા સ્વરૂપ સુખકાર ॥

## ચાલ.

સઉ આવ્યારે સઉ આવ્યા ॥ અનીહારે સઉ આવ્યા ॥
સઉ આવ્યા સેવા કરવા ॥ પ્રભુને બંટા ઝારી ભરવા ॥
વળી શામગ્રીયો ધરવા ॥ છપ્પન ભોગ તણી ॥ ૧.
વહુ બેટીયોનાં નાંમ ॥ કેહેવા હતી મનમાં હાંમ ॥
તે નહીં જાણ્યાં મેં તમાંમ ॥ તેથી નથીરે કહ્યા ॥ ૨.
કોઇ હથી બેશી આવ્યા ॥ કોઇ રથ પાલખી લાવ્યા ॥
મેંનામાં ફગાડી ભાવ્યા ॥ સાથે અસ્વ ઘણાં ॥ ૩.
સેવક સીરબંધી છે ભારી ॥ બાંધી બંધુકો કટારી ॥
લીધા આયુધો સંભારી ॥ આવ્યા શ્વારીરે ભરી ॥ ૪.

હેવી દીશે શોભા સારી ॥ વલ્લભ કુળના બલીહારી ॥
જ્યાં છે જક્તની સરદારી ॥ ત્યાં શું કરૂ વરણન ॥ ૫.

## ધોલ ૩ જું.

### રાગ—માહામેરાનો.

છપન ભોગની પત્રીરે પોંહોંચતા ॥
સઉ વૈશણવ જન હરખાય ॥ ઉતાવળા જાય ॥
આણંદ ઊર અતી ઘણો ॥ ૧.
દેશ દેશ ને ગામોરે ગામથી ॥ આવ્યા સુજન સજીને સાજ ॥
છપ્પન ભોગ કાજ ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૨.
આવ્યા વ્રધ જોબનનેરે બાળકો ॥ પેહેરી હોડી સારા શણગાર ॥
શોહાગણ નાર ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૩.
મોટા રાજા રાણારે સ્વધર્મના ॥ તે આવ્યા શ્રી હરીને દવાર ॥
તજીને હંકાર ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૪.
માહા મેળો ભરાયો શ્રી દવારીકાં ॥ સઉ પ્રસન્ન થઈને મ્હાલે ॥
પ્રભુને નીહાળે ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૫.
કાંકરોળીની શોભા શી વરણવું ॥ જાણે વૈકુંઠ પુરી છે એહ ॥
નથીરે સંદેહ ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૬.
જાંહા જદુપતી આપ બીરાજતા ॥ આપો આપ દવારીકાનાંથ ॥
વલ્લભ કુળ સાથ ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૭.
ઊંચા મેહેલ ને મંદીર બારીયો ॥ મોટા ચોક ઝરૂખાને જાળી ॥

અટારી રશાળી ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૮.
હરીના મંદીર અતી રળીયામણાં ॥ ચીતરામણ ચીતરયા છે રંગ ॥
જોતારે થયા દંગ ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૯.
બે હાથી ઝુલે છેરે બારણે ॥ વળી મોર બેઠા કળા ધાર ॥
વ્રક્ષો શોભે હાર ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૧૦.
સઉ ઘેર ઘેર તોરંણ બાંધીયા ॥ મળી માનુની મંગળ ગાયે ॥
ઉમંગ નવ માચે ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૧૧
ચોક પુરયા છે ચતુરારે બારંણે ॥ જાંણે સરવે વીવાના છે દવાર ॥
મંગળ છે અપાર ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૧૨.
મોટો બાગ બન્યો છે માહારાજનો ॥ શ્રી વીઠુલ વીલ્લાસ છે નાંમ ॥
રચના છે તે ઠાંમ ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૧૩.
તાંહા મંદીર ન ઉતમ રંગના ॥ બાંધ્યા બંગલા ઝુલતી બારી ॥
સોભારે તેહેની ન્યારી ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૧૪.
ફુલવેલ છાંહી છે અટારીયે ॥ વળી સોભે વ્રક્ષે ફળ ફુલ ॥
જોતા પડે ભુલ ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૧૫.
હેવા બાગની સોભારે શી કહું ॥ નાંમ ફળ ફુલનો વીસ્તાર ॥
કેહેતા ન આવે પાર ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૧૬.
હેવો બાગ નથીરે આ લોકમાં ॥ અમરાપુરી દીસે છે સાર ॥
સોભા છે અપાર ॥ આણંદ ઉર અતી ઘણો ॥ ૧૭.
દેવ લોકનાં વૈભવ જાંહા રહયા ॥ તાંહા જીવ મનુષ સું ગાયે ॥
વરણવ નહીં થાયે ॥ આણંદ ઊર અતી ઘણો ॥ ૧૮.

તે વીલ્લાસમાં રાજ ધારીયા ॥ પ્રભુ આપ દ્વારીકાં નાંથ ॥
આયુધ ગ્રહ્યા હાથ ॥ આણંદ ઊર અતી ઘણો ॥ ૧૯
તાહા છપ્પનભોગ આરંભીયો ॥ પેહેલા ઓછવ અધીકા થાએ ॥
વલ્લભ કુળ જાંહાએ ॥ આણંદ ઊર અતી ઘણો ॥ ૨૦.
સઊ વૈશણવ દરસણે આવીયા ॥ વળી રાજા રઇચેત નંરનાંર ॥
બોલે જે જે કાર ॥ આણંદ ઊર અતી ઘણો ॥ ૨૧.

## ધોલ ૪ થું.

### રાગ—શ્રી નાથજી તે છેલમાં બીરાજતા જો.

જે જે બોલો શ્રી બાળક્રષ્ણલાલનીં જો ॥
વૈશણવ જનપર દયા થઇ દયાળનીં જો ॥ જે જે બોલો ॥ ટેક.

છપ્પનભોગની લીલાનાં સુખ આપીયા જો ॥
વીવીધ્ર લીલાની રખાવી દુખ કાપીયા જો ॥ જે જે બોલો ૧.
બાર માંસના ઓછવ સઊ ત્યાં થયા જો ॥
દરશણ કરવા વૈશણવ તલપી રહ્યા જો ॥ જે જે બોલો ॥ ૨.
પેહેલા ગોપ ॥ અસ્ટમી સુખસાર છે જો ॥
ભાદો વદ દસમી ને ગુરૂવાર છે જો ॥ જે જે બોલો ॥ ૩.
એકાદસીએ ઓછવ છે પ્રબોધની જો ॥
મંડપ બાંધ્યો ભરાઇ બહુ મેદની જો ॥ જે જે બોલો ॥ ૪.
ગોપી નાથજીનો ઓછવ દ્વાદસી જો ॥
જળ ક્રીડા લીલા તે મનમાં વસી જો ॥ જે જે બોલો ॥ ૫.
બાળક્રષ્ણજીનો ઓછવ ત્રયો દસી જો ॥

દરસણ કરવાને ભીડ તો ભારે ઘસી જો ॥ જે જે બોલો ૬.
ભાતભાતનાં સંણગાર તો આપે ધર્યા જો ॥
હીરા મોતી ને કનકમાં મીણાં ભરયા જો ॥ જે જે બોલો ॥ ૭.
રાધા અસ્ટમીનાં ઓછવ આવીયા જો ॥
તે તો ચતુર દસીએ કાહાવીયા જો ॥ જે જે બોલો ॥ ૮.
આમાં વાસીઆએ આણંદ થાએ છે જો ॥
શ્રી ગુષાંઇજીનો ઊછવ તો મંનાયે છે જો ॥ જે જે બોલો ॥ ૯.
કેસરી વસ્ત્ર ધરયા છે શ્રી અંગમાં જો ॥
સઊ બાળક બીરાજે છે સંગમાં જો ॥ જે જે બોલો ॥ ૧૦.
નવરાત્રીનાં સંણગાર તો ધરાવીયા જો ॥
આસો પડવાને દીન મન ભાવીયા જો ॥ જે જે બોલો ॥ ૧૧.
પછે પારણાનાં દરસંણ બોલીયા જો ॥
પ્રભુ ઝુલે વૈષ્ણાવ જે જે બોલીયા જો ॥ જે જે બોલો ॥ ૧૨.
નાંના ભાતનાં ખીલોણે ખેલાવતા જો ॥
શ્રી કલ્યાણરાએજી માહારાજ તો ઝુલાવતા જો ॥ જે જે બોલો ॥ ૧૩.
દવીતીયાએ સુભ ફુલડોલ ઝુલીયા જો ॥
સઉકો નીરંખીને નીજ જન ફુલીયા જો ॥ જે જે બોલો ॥ ૧૪.
ઉડે અબીર ગુલાલ મન ભાવતા જો ॥
દરસણ કરવા વૈશ્ણવ વેગે આવતા જો ॥ જે જે બોલો ॥ ૧૫.
તીથી તીજદીન ફુલ મંડળી ભરી જો ॥
ચતુરથીએ તે કુંજ ઝુલ્યા શ્રી હરી જો ॥ જે જે બોલો ॥ ૧૬.

પંચમીએ ઓછવ અખાત્રીજનો જો ॥
રથ જાત્રા આણંદ છઠ દીનનો જો ॥ જે જે બોલો ॥ ૧૭.

સુદ સાતમે હીંડોળે બીરાજ્યા જો ॥
સોંના હીંડોળો જોઈને દુખ ભાંજ્યાજો ॥ જે જે બોલો ॥ ૧૮.

સુભ આઠમે તે આણંદ અતી ઘણો જો ॥
જન્મા અસ્ટમી ઓછવ છે માંગટ તણો જો ॥ જે જે બોલો ॥ ૧૯.

પ્રભુ પારણે ઝુલ્યા તે ભલી ભાતથી જો ॥
જસોદાજી થયા તે વ્રજનાંથજી જો ॥ જે જે બોલો ॥ ૨૦.

મુખીયાજી તે નંદરાએ થયા જો ॥
દધી અલધરનાં કીચ દુધથી વહયા જો ॥ જે જે બોલો ॥ ૨૧.

સઉ બાળકો ખેલને કુદડી ફરે જો ॥
વહુ બેટીઓ મંગળ મુખ ઓચરે જો ॥ જે જે બોલો ॥ ૨૨.

સોંના પારણે રમકડે રમાડતા જો ॥
ગઉદાનોનાં દાંન બહુ કાહાડતા જો ॥ જે જે બોલો ॥ ૨૩.

પેંડા એળચી ઉડેછે દધી ખેલમાં જો ॥
ભારે ભીડ થઈ છે માહા ઠેલમાં જો ॥ જે જે બોલો ॥ ૨૪.

ગીરધરલાલજી ઝાપટીયા જારે થયા જો ॥
વાલે દરસણ થવાની કરી બઉદયા જો ॥ જે જે બોલો ॥ ૨૫.

હેવી રીતરે ઓછવ મન ભાવીયા જો ॥
પછે દાંણ લીલાના મીદીન કાહાવીયા જો ॥ જે જે બોલો ॥ ૨૬.
સરદ રૂતુની તોરા સલીલા કરી જો ॥

વાલે મોરલી વગાડી લીધા મન હરી જો ।। જે જે બોલો ।। ૨૭.

ઓછવ દશેરાનો દસમે કાહાવીયો જો ।।
રાંવણ રંણમાં રોલ્યો તે દીંન આવીયો જો ।। જે જે બોલો ।। ૨૮.

વીવીધ આયુધો ધરયા છે પ્રભુ હાથમાં જો ।।
આપ શોભા છો, ગ્વાલ બાલ સાથમાં જો ।। જે જે બોલો ।। ૨૯.

એકાદસીએ દીવાળી દીંન માંનીયા જો ।।
ચાંદી બંગલામાં પ્રભુજી બીરાજીયા જો ।। જે જે બોલો ।। ૩૦.

ઘણી રૂશનાઇ થઇ જાત જાતની જો ।।
કરી દીપ માળાં હાંડી ભલી ભાતની જો ।। જે જે બોલો ।। ૩૧.

મોટા ઝુંમર દીવાલગીરી ઓપતા જો ।।
કાચ બંગલા પ્રકાશથી શોભતા જો ।। જે જે બોલો ।। ૩૨.

દ્વારીકાંનાંથનાં સ્વરૂપની ઘંણી છટા જો ।।
બાળક વલ્લભનાં રાજે આણંદની ઘટા જો ।। જે જે બોલો ।। ૩૩.

સરવે ઓછવ લીલા તે પુરણ કહી જો ।।
મુજ બુદ્ધી અનુંસાર વરંણી સહી જો ।। જે જે બોલો ।। ૩૪.

## ઘોળ ।। ૫ મુ ।।

(રાગ—માંરૂ.)

બાળકૃષ્ણની લીલા છે ન્યાંરી ।।
દરસણનાં સુખ આપો છો ભારી ।।
એકાદશીએ ઓછવ સરવે થયા ।।

રાતે સઉ જન મુકામે ગયા ॥ ૧.
પાછલી રાત્ર રહીતીરે થોડી ॥
ચાલ્યા રાએ સાગરપર દોડી ॥
રાએ સાગર ગોમતી છે જાંણુ ॥
ક્ષેત્ર તીરથ જાત્રા પ્રમાંણુ ॥ ૨

અડસટ તીરથનારે ફળ ત્યાંય ॥
દવારીકાંનાંથ બીરાજે છે જયાંય ॥
સરવે મારજંન સણાંનંજ કીધા ॥
ચાલ્યા મુકામેં જળ ભરી લીધા ॥ ૩.

દ્વુવાદશીએ સઉ તતબર થયા ॥
પેહેરી હોડીને દરશણે ગયા ॥
વૈસણવ ચાલે ટોળેરે ટોળાહાર ॥
નરનાંરી બાળક નીરધાર ॥ ૪.

આવ્યા વીઠલ વીલ્લાસનીં માંહે ॥
છપ્પન ભોગ ભરાએ છે તાંહે ॥
ભારે ભીડ મચી છે હરીદવાર ॥
રાજા રાંણા મોટારે સરદાર ॥ ૫.

સઉકો દરસંણ કરવાનેં તરશે ॥
ક્યારે બાળક્રષ્ણ કીરપારે કરશે ॥
દશ વાગેથી દરશણ ખોલ્યા ॥
સઊ જન જે જે શબ્દ મુખ બોલ્યા ॥ ૬.

વાગ્યા વાજા વીવીધ ઘંનઘોર ॥

નોંબત સરણાંઇનો થયો સોર ॥
પ્રાચીન નઉતન છે તેની સાથ ॥
હાર ઉભી વાજા ગ્રહી હાથ ॥ ૭.

પચરંગી પલટણ ઉભી સારી ॥
તોપ બંદુકો છુટે છે ભારી ॥
સોર ઈંદ્ર લોક ગયો જાહારે ॥
પુસ્પ વ્રસ્ટી થઈ છે રે તાહારે ॥ ૮.

દ્વારીકાંધીસ સીંગાસણ રાજે ॥
છપ્પન ભોગ આરોગવાને કાજે ॥
હરીની શ્રી મુંખ શોભા છે સારી ॥
હરખી નીરખીને જાઉ બલીહારી ૯.

વાલે શણગાર ધરયા બહુ અંગ ॥
જોતા લજ્જીત થાએ અનંગ ॥
કીટ મોરમુગટ સીર લટકે ॥
તેની ઉપરતારા બહુ ચલકે ॥ ૧૦.

સીરપેંચ હીરાનોરે જડીયો ॥
સાથે મોતીના સેહેરોરે અડાયો ॥
કલગી મુક્તાનાં તોરોરે હાલે ॥
કેસર કસ્તુરીખોર છે ભાળે ॥ ૧૧.

ચળકે ભાળ તીલક નીરવાંણ ॥
વાંકી ભ્રગુટી ધનુષ્ય બાંણ ॥
કરણે કુંડળ હીરાના ચલકે ॥

તેહેના તેજ શ્રી મુખંપર ઝલકે ॥ ૧૨.

હીરા હડ બચીચે બહુ જોત ॥
જેવી તારા તણી છે ઊદ્યોત ॥
કંઠે કૌસ્તુભ મુકતાનાં હાર ॥
હીરાપદક કંઠીચો સાર ॥ ૧૩

હેંમ હાંસડી ધરી ગુંજમાળ ॥
પુસ્પ હાર ગજરા છેર સાળ ॥
શીરવેંણીની લટ બે સંવારી ॥
તેહેની શોભા બની અતી સારી ।. ૧૪.

બાજુ બંધ ફુમતડારે ફરકે ॥
હેંમ શાંકળા કંકાણકર ચલકે ॥
હીરા મુંદ્રીકા ઝગમગ જોતી ॥
કોમળ આંગળીચેરે શોભતી ॥ ૧૫.

સ્યાંમળ વરણે દીસો છો રસાળ ॥
ઉરરાજે વજ્યંતીરે માળ ॥
વાગો જરકશી પેહેરચો શ્રી અંગ ॥
ઉપર પટકાકી નારી સુરંગ ॥ ૧૬.

સુથનપટ પીતાંબર પીળા ॥
પ્રભુએ પેહેરયા બન્યાં છો રસીલા ॥
કટીમેખળા કટીએ બીરાજે ॥
હેંમકી કીણીંચો બહુ સાજે ॥ ૧૭.

પાચે નેંપુર ઘુઘરીરે વાળા ॥

ઝાંઝર હીરાના જડી તરસાળા ॥
કુંડા ચીતરેલા શોભે છે ચરણે ॥
અલ્પ જીવ કાંહા લગી વરણે ॥ ૧૮.

પ્રેમ ળશ્રી અંગ બેહેકે સુવાસ ॥
ફુલ ગુલ્લાબ છડી ગ્રહી પાસ ॥
શ્રી મુખ હસ્તુ દીસે છે રૂપાળુ ॥
વળી વળી શ્રી નાંથને નીહાળુ ॥ ૧૯

કમળ નેત્ર ચપળ અણીઆળા ॥
પ્રભુ જોતા લાગો બઉ વ્હાલા ॥
ચત્રભુજ બીરાજો છો નાંથ ॥
આયુધ ચાર ગ્રહ્યાં છો હાંથ ॥ ૨૦

સંખ ચક્રગદારે પદંમ ધારી ॥
સદા દાશ ને રક્ષા મોરારી ॥
રાજ નીંધી સ્વરૂપ વીહાર ॥
નથી શોભાતણો કાંઈ પાર ॥ ૨૧.

ચરણ કમલથી પ્રભુને નીહારી ॥
મુખારબીંદ નીરખી જાંઉ વારી ॥
પ્રભુ બીરાજો છો બહુ લટકે ॥
દેખી દાસતણાં મન અટકે ॥ ૨૨.

બાર સ્વરૂપ વલ્લભકુળ જાહાયેં ॥
વહુ બેટી સહીત છે ત્યાંહાયેં ॥

પ્રભુનેં લાડ લડાવે બહુ ભાત ॥
પંખા ચામંર ગ્રહ્યા છે હાથ ॥ ૨૩

આભ્રંણ શોભીતા પેહેરયા છે અંગે ॥
હાસ્ય મુંખ દીસે છે સઉ સંગે ॥
પ્રભુને નયણા ભરીને નીરખતા ॥
નાના ભાવે શ્રીનાંથને રીજવતા ॥ ૨૪.

સાનું ભાવ લીલા છે વીહાર ॥
તે સમે નથી શોભાનો પાર ॥
કરૂણા દ્રશ્ટીથી જુવો છો રાજ ॥
સરવે વૈશણવનાં સીધ્યા કાજ ॥ ૨૫.
હવે કહું સામગ્રી પ્રકાર ॥
તે મુજ બુધીતણેં અનુંસાર ॥
દાશ કરગરી કે્હેકર જોડ ॥
રેહેજો સદા રૂદે એ છે કોડ ॥ ૨૬.

## ધોળ ૬ઠુ.

(રાગ—રૂક્ષમણીવીવાહાનો.)

છપ્પન ભોગનીં છબીરે સી વરણવું ॥ આણંદ ઉપજે છે મંન.
જાંહા શ્રી હરી ભોગ આરોગતા ॥ નીરખે જીવ્યું ધંન ધંન ॥
જે જે બોલો શ્રી દ્વારીકાંધીસની ॥ ૧.
સામગ્રીનું વરણવ કરવાતણું ॥ મુજ મંનોરથ થાય ॥
ગુરૂ કૃપા થકીરે કાંઈ એક કરૂં ॥ હરીજન સુંણી હરખાય ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૨.

પ્રભુની સાનીધ્ય સામગ્રી શોભતી ॥ મેવા ધરયા જાત જાત ॥
સોના તાટ તબક છે રે ઝળકતા ॥ તેમાં શોભે રૂડી ભાત ॥
જે જે બોલો શ્રી દ્વારીકાંધીસની ॥ ૩.

દાડેમ નારંગીનેરે લીલી દ્રાખ છે ॥ સેહેતુક ફાળસાનીં જોડ ॥
રાયણ કમરખનેરે અન્નાંસ છે ॥ કેળાં ધરયા કરી કોડ ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૪.

આંબા ફળ સીતાફળ સાજીયા ॥ રાંમ ફળજામ ફળ છે સાથ ॥
સક્કરટેટીમાં સાકર ભેળીયો ॥ હેવા મેવા જાતજાત ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૫.

મીશ્રી માખંણ તે ન્યારી ધરી ॥ પ્રીત કરી પ્રભુ પાસ ॥
ગુંદરપાક પેંડા બરફી સજી ॥ લાડુ ચારોળીનાં ખાસ ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૬

પકવાનતંણા ટોપલા ભરયા ॥ તેહેના નાંમનો પ્રકાર ॥
કળી લાડુ જલેબી ને દહીંથરા ॥ સુત્તરફેંણી ધરી સાર ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૭.

અમરૂત પાક ઘેબર ખાંજા રચયા ॥ હેવા નાંમ છે અપાર ॥
એક ઘઊના છપ્પન જાતના ॥ પકવાંન કીધા નીરધાર ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૮.

માંન ભોગ લાપસી. સેવો લસલસી ॥ કોહી રોટલી સોહાય ॥
બીરંજ મીંઠો મેવો માંહે શોભતો ॥ ઘાડા દુધ ધરયા ત્યાંય ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૯.

મોહનથા રતવા પુરી મેહેલીયા ।। શ્રીખંડ બાસુદી છે સાથ ।।
દુધપાક આંબારસ સોભીયા ।। પુરી રચી ભલી ભાત ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૦.

થપડી થાપડાનેરે સુવાલીયા ।। ગુંજાઠોર ને સંજુરી ।।
હેતે અન્નાર સારે રૂડા તળ્યા ।। ધરી મુરબાની ઘારી ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૧.

લાડુ મગદલ ને વળી ચુરમા ।। સકર પારા મીઠી પુરી ।।
હેવી અણ સખડી બહુ જાતનીં ।। નોંહોતી કાંઇ અધુરી ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૨.

હેતા સાક ઘંણી ઘંણી જાતના ।। નાંમ કહું ન્યાંરા ન્યાંરા ।।
દુધી બટાટા નેરે સુરંણ ગડી ।। અલુખડા છે બહુ પ્યારા ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૩.

કારેલા ને કંટોલા તેલે તલ્યા ।। ભીંડા મંસાલે ભરાય ।।
તાજા ચીભડા ને ગલકા નં તુરીયા ।। રેગંણ રવૈયા સોહાય ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૪.

કોહોળું કાકડીનેરે ફુળાં ભલા ।। ગુવાર ચોળાની છે સીંગ ।।
વાલ સીંગ વીવેકે વધારીયા ।। ઝાઝા મંસાલા ને હીંગ ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૫.

હેવા સાક રૂચે તેહેવા ધરયા ।। નાંમ કહા સાર સાર ।।
જેહેવા જાણ્યા તેહેવા મેં વરણવ્યા ।। બીજા રહ્યા છે અપાર ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૬.

વાલ મગ ચોળાનાં કુંડા ધરયા ।। તીન કુંડા ત્યાં સોહાય ।।
ખાટા રાએતામાં રાઈઓ ચહડી ।। પાપડ દીસે રૂડા ત્યાંય ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૭.
કહડો દાળના મોટા કુંડા ભરયા ।। ભજીયા હતા જાતજાત ।।
સીંધાણા કાચલી ચટણી ઘંણી ।। ખારી સેવો ઝીણી ભાત ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૮.
સખડી ભાત રચ્યો છે મધ્ય ભાગમાં ।। ઉપર કેશાર તુલશી માંળ ।।
ગુંજા ચક્ર બોસા છે રે શોભતા ।। બહુ દીસે છે રસાળ ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૧૯.
અણસખડી ને સખડી ન્યાંરી રચી ।। તેની જુગતી અપાર ।।
મોટાં ટોપલા કુંડી કુંડા ભરયા ।। અંમ્રુંત સીંન્ધુ છે સાર ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૨૦
સઉ જોતા પ્રભુજી આરોગતા ।। કીધો ભોગ અંગીકાર ।।
સોના ઝારી શ્રી જમુંનાં જળે ભરી ।। મુખવાસ બીડા શુભ સાર ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૨૧.
અત્તર સુવાસ ફુલ કલગી ધરી ।। દરપંણ જુવો છો શ્રી નાંથ ।।
વૈશ્વણવ જનો નીરખીનેરે હરખીયા ।। લે લે બલૈયા બે હાથ ।।
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ।। ૨૨.
વલ્લભકુળ ત્યાં આરતી ઉતારતા ।। સ્વરૂપ સાથે છે બાર ।।

વલ્લભ કુળને દ્વારીકાં નાંથજી ॥ દીસે સાક્ષાતકાર ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૨૩.

ભીડ વૈશણવની ભારે થઈ ॥ વાજા વાજે ઘનઘોર ॥
જે જે શબ્દ વૈશણવ સઉ ઓચરે ॥ થાચે છે અતીસોર ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૨૪.

નંગારા નં નીસાંણ ઘણાં ગડગડે ॥ તોપો છુટે ધડાધડ ॥
વૈશણવ થોકે થોકારે દટાએ છે ॥ ઝાપટ પડે ફડાફડ ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૨૫.

દ્રશ્ટી દાસ ન્ચોં છાવરી વાળીનં ॥ પ્રભુપરથી તે વાર ॥
આપે બાલક્રશણંજી માહારાજજી ॥ નીંજ જન લે છે કરી પ્યાર ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૨૬.

જે જે દ્વારીકાંધીસ સઉ બોલતા ॥ નીરંખી ચાલ્યા છે વીશ્રામ ॥
સઉના મનના મંનોરથ પોહોચીયા ॥ મંન ભરી નીરખ્યાં નેસ્વાંમ ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૨૭.

બાળક્રશણંલાલે કરી બહુ દયા ॥ સેવક જનપર વ્હાલ ॥
ધારયા તેવા સઉ સુખ આપીયા ॥ જે જે બાળક્રશણંલાલ ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૨૮.

છપ્પનભોગની લીલારે વરણંવી ॥ સાર થોડામાં સોહાચે ॥
સેહેસ્ર મુખો કેહેવારે સમરથ નંથી ॥ દાસ સેવક સું ગાચે ॥
જે જે બોલો શ્રી દ્વારીકાધીસની ॥ ૯.

# ધોળ ૭ મું.

## રાગ—છપનભોગના ધોલનો.

ધંન ધંન કાંકરોળી ધાંમનેરે ॥ ધંન રાએ સાગરનાં તીર ॥
શ્રીબાળકૃષ્ણ લાલ॥ દ્વારીકાં નાંથ લડાવીયારે ॥ ટેક ॥
વલ્લભ વંસ દીપાવીયારે ॥ કરયા માંહા સુભ કાજ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૧.
છપનભોગ ધરાવીયારે ॥ કરયા પ્રભુ પરસંન ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૨.
શ્રી ગીરધરજીના મન તણાંરે ॥ કરયા ભાવ પરમાંણ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૩.
પત્ર લખીન તેડાવીયારે ॥ શ્રી વલ્લભ કુલ પરીવાર ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૪.
માહા મો ઓછવ માંડીયારે ॥ ધારયા તેવા કરયા કાજ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૫.
કાંકરોળી ધાંમ સોભાવીયારે ॥ કીરતી વાધી દસોદીશ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૬.
વીઠ્ઠલ વીલ્લાસનાં બાગમાંરે ॥ રચના રચી બહુ ભાત ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૭.
શ્રી પ્રભુ ત્યાં પધરાવીયારે ॥ કરવા છપનભોગ કાજ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૮.

ભાદરવા વદ દસમેરે ॥ એ દીનથી ઓછવ સઊ થાયે ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૯.

વીવીધ લીલાથી લડાવીયારે ॥ સણુંગાર ધરયા છે અપાર ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૧૦.

આસો સુદનીં દ્વાદસીરે ॥ છપનભોગ ભરાયે ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૧૧.

છપનભોગ ભલા ભરયારે ॥ સાંમગ્રીનાં આડો આંક ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૧૨.

વૈષ્ણવને સુખ આપીયારે ॥ પ્રભુનાં દરશણથી ધંન ધંન ॥
શ્રી બાલકૃષ્ણ ॥ ૧૩.

દેવના દુંદુભી વાગીયારે ॥ વરત્યો જે જે કાર ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૧૪.

આસો સુદની પુનમેરે ॥ હરીને પધારાવ્યા નીંજ ઠામ ॥
શ્રી બાળકૃષ્ણ ૧૫.

બાગમાંથી નીજ મંદીરેરે ॥ વાજતેગાજતે શ્રી નાંથ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૧૬.

નીજ મંદીરમાં બીરાજીયારે ॥ જે જે બોલો શ્રી દ્વારીકાંનાંથ ॥
શ્રી બાલકૃષ્ણ ૧૭.

નીરવીઘન ઓછવ થયોરે ॥ દ્વારીકાંધીસે રાખ્યો છે રંગ ॥
શ્રી બાળકૃષ્ણ ૧૮.

દંડવત સઊ પ્રભુને કરેરે ॥ તે માની લે દીન દયાળ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૧૯.

શ્રી બાળકૃષ્ણજી માહારાજજીરે ॥ આપે પેરામણી સાર ॥
શ્રી બાળકૃષ્ણ ૨૦.

વલ્લભ કુળ જેહ આવીયારે ॥ જેવા સોભે તેવા સનમાંન ॥
શ્રી બાળકૃષ્ણ ૨૧.

વૈષ્ણવને કીરપા કરીરે ॥ લેવડાવ્યા માંહા પરસાદ ॥
શ્રી બાળકૃષ્ણ ૨૨.

ભેટ સેવા સઉએ કરીરે ॥ ઉપરાણા હોડયા કરી ભાવ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૨૩.

વૈષ્ણવ સરવે પરવરયારે ॥ બોલો જે જે શ્રી બાળકૃષ્ણલાલ ॥
શ્રી બાળકૃષ્ણ ॥ ૨૪.

દાસ અનાથનીં વીનંતીરે ॥ હવે લેજો પ્રભુ મુંજ સોધ ॥
શ્રી બાળકૃષ્ણ ૨૫.

## શ્રી.

### શ્રી દ્વારીકાં નાથજીની સ્તુતી.

**ભુજંગીછંદ**—(અંતર લાપીકા છે.)

**શ્રી** દારીકાં ધીસ છો સીસ સ્વામીં ॥
વસ્યો ચરંણમાં દાસ હે ગરૂડગામીં ॥
લહી નીંજનો જાંણીને તારી લીજે ॥
ભવસાગર બંધથી દુર કીજે ॥

કુસંગથી દુર શુસંગ દજો ॥
લઉં નાંમ એ કાંમનું ધ્યાંન રેહેજો ॥
સોહેં શાલ જેચંદને નદવેદ ॥
વળી પક્ષને માંસ આસોએ ભેદ ॥
કરયા છપનભોગનાં ભોગ સારા ॥
તીથી દ્વાદસી વાર છે શુભ કારા ॥
કરયો વલ્લભ કુળનાં દીપરાજે ॥
મન ભાવથી શ્રી પ્રભુ આપ કાજે ॥
દાખ્યું રૂપસ્વરૂપનેં માંની લીધા ॥
સઉ દાસ સેવકનેં સુખ દીધા ॥
સા વરંણવુ આપ લીલા અપારી ॥
વદયું કીંચીત ભાવથી હીતકારી ॥
હારો કરયું કાવ્ય તે માંની લેસો ॥
શદા એજ માંગુરૂદ માંહે રેહેસો ॥

આ છંદ વાંચતાં દરેક લીટીનો આગલો અક્ષર જોડી વાંચતાં બનાવનાંરનું નાંમ નિકળશે.

સમાપ્ત.